# 2. ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ : હસ્ત અને લલિતકલા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોનાં ઉત્તર સવિસ્તર લખો:**

**(1) પ્રાચીન ભારતનાં વારસાની માટીકામ કલા સમજાવો.**

- પ્રાચીન ભારતમાં ધાતુકામની શોધ નહોતી થઈ ત્યારે માનવી મહદ્ અંશે માટીમાંથી બનાવેલી સામગ્રીનો ઉપયોગ કરતો.
- માટીના રમકડાં, ઘડા, કુલડી, કોડિયાં, હાંડલા, માટીના ચૂલા તથા અનાજ સંગ્રહ માટેની કોઠીઓ વગેરે સાધનો માટીમાંથી તૈયાર કરવામાં આવતાં હતાં.
- એ સમયે ઘરની દીવાલોને પણ માટી અને છાણથી લીંપીને રક્ષણ અપાતું.
- પાણી, દૂધ, દહીં, છાશ અને ઘી જેવાં પ્રવાહી પણ માટીના વાસણોમાં રાખવામાં આવતાં.
- રસોઈનાં વાસણો પણ માટીનાં રહેતાં.
- લોથલ, મોંહે-જો-દડો તથા હડપ્પા સંસ્કૃતિ સમયનાં માટીનાં લાલ રંગના પવાલાં, બરણી, રકાબી વગેરે વાસણો મળી આવ્યાં છે.
- કુંભારનો ચાકડો માટીકામ માટેનું પ્રાચીન ભારતનું પ્રથમ યંત્ર ગણી શકાય.
- આજે પણ ગુજરાતમાં નવરાત્રિમાં ગરબા (અંદર દીવો હોય તેવો માટીનો કાણાં પાડેલો ઘડો) જોવા મળે છે.
- કાચી માટી અને કાચી માટીમાંથી પકવેલા (ટેરાકોટા) વાસણો તેમજ વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે ભારત પ્રાચીન કાળથી જાણીતું છે, જેનો ખ્યાલ આપણને તેલંગણાના નાગાર્જુનકોંડા અને ગુજરાતના મહેસાણા જિલ્લાના લાંઘણજમાંથી મળી આવેલા હાથથી બનાવેલાં માટીનાં વાસણોના જૂના અવશેષોના આધારે મળે છે.

**(2) 'ચર્મકામ ભારતની ઘણી જૂની કારીગરી છે' તે સ્પષ્ટ કરો.**

- પ્રાચીન ભારતમાં મૃત્યુ પામેલાં પશુઓના ચામડાનો વિવિધ ઉપયોગ થતો.
- પ્રાણીના મૃત્યુ પછી પરંપરાગત રીતે ચામડું કમાવવામાં આવતું.
- ખેતી માટે કૂવામાંથી પાણી કાઢવા માટેના કોસ, પાણીની મશકો, અને પખાલોમાં ચામડાનો ઉપયોગ થતો.
- ઢોલ, નગારાં, તબલાં, ઢોલક જેવા સંગીતનાં સાધનો ઉપરાંત લુહારની ધમણો, પગરખાં, પાલતું પ્રાણીઓને બાંધવનાં સાધનો, યુદ્ધમાં વપરતી ઢાલ વગેરે ચામડામાંથી બનાવવામાં આવતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ભરતગૂંથણવાળી મોજડીઓ, પગરખાં, ચામડાનાં પાકીટ, પટ્ટા તેમજ ઊંટ-ઘોડાના સાજ, પલાણ, લગામ, ચાબુક માટેની દોરી જેવાં સાધનો પણ ચામડામાંથી બનાવાતી.
- પ્રાચીન ભારતના લોકોથી માંડીને આજે પોતાના રોજિંદા જીવનમાં ચામડામાંથી બનાવેલી અનેક વસ્તુઓ વાપરે છે.
- આમ, ચર્મકામ એ ભારતની ઘણી જૂની કારીગરી છે.

### (3) સંગીત રત્નાકરનો પરિચય આપો.

- સ્વર, તાલ અને લયની દૃષ્ટિએ ભારતીય સંગીત અન્ય દેશોના સંગીતથી અલગ છે.
- સંગીતમાં ગાયન અને વાદનનો સમાવેશ થાય છે.
- સંગીતને શાસ્ત્રીય સંગીત અને લોકસંગીતમાં વહેંચી શકાય.
- સા,રે, ગ, મ, પ, ધ, ની– એ સંગીતના મુખ્ય 7 સ્વર છે.
- ભારતીય સંગીતમાં શ્રી, દીપક, હીંડોળ, મેઘ અને ભૈરવી એવા પાંચ રાગો છે. આ રાગો ભગવાન શંકરના પંચમૂખેથી ઉત્પન્ન થયેલા મનાય છે.
- 'સંગીત રત્નાકર' પ્રાચીન ભારતનો સંગીત-ગ્રંથ છે.
- સંગીત શાસ્ત્રના તજ્જ્ઞ પંડિત સારંગદેવે તેની રચના કરી છે.
- તેઓ દેવગિરિ(દોલતાબાદ)માં રહ્યા હોવાથી ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના સંગીતથી પરિચિત હતા.
- પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે 'સંગીત રત્નાકર'ને ભારતીય સંગીતનો સૌથી વધુ પ્રમાણભૂત ગ્રંથ ગણાવે છે.
- સંગીતનાં અંગો સમજવા માટે આ ગ્રંથ બેજોડ ગણાય છે.

### (4) કથકલી નૃત્ય વિશે સમજ આપો.



કથકલી નૃત્ય

- કથકલી એ કેરલ રાજ્યનું પ્રચલિત નૃત્ય છે.
- પૌરાણિક મહાકાવ્યો, મહાભારતના પ્રસંગો અને સંસ્કૃત મલયાલમ મિશ્રિત નાટકો પાછળથી કથકલી કહેવાયાં.
- કથકલીની વેશભૂષા ઘેરદાર સુંદર કપડાંવાળી હોય છે અને તેનાં પાત્રોને ઓળખવા માટે તેમના ચહેરા પરના વિશિષ્ટ ચિતરામણ (મુખાકૃતિ)ને સમજવું પડે છે.
- આ નૃત્યમાં નટ કલાત્મક મુકુટ ધારણ કરી રજૂઆત સમયે એક જ દીવાના તેજથી પ્રકાશિત રંગમંચ પર પડદા પાછળ આવીને પોતાનો સંગીતમય ઓળખાણ આપે છે.
- ત્યાર બાદ ત્રણેય લોકના પાત્રોને ચહેરાના હાવભાવ અને હસ્તમુદ્રાથી સજીવ કરે છે.
- કેરલના કવિ શ્રી વલ્લથોળ (સ્થાપિત કલામંડળમાં કથકલી) કલામંડલમ્ કૃષ્ણપ્રસાદ, શિવારમન વગેરેએ આ શૈલીને દેશ-વિદેશમાં નામના અપાવી છે.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો:

#### (1) નૃત્યકલા ક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિ સમજાવો.

- નૃત્યનું મુખ્ય ધ્યેય તાલ અને લય સાથે સૌંદર્યની અનુભૂતિ કરાવવાનું છે. નૃત્યના આદિદેવ ભગવાન શંકર 'નટરાજ' કહેવાય છે. પૃથ્વી પરના લોકોને નૃત્ય શીખવવા સૌપ્રથમ તે નૃત્યને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવ્યા હોવાની મન્યતા છે.
- ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં ભરતનાટ્યમ્, કુચીપુડી, કથકલી, કથક, મણિપુરી, ઓડિસી વગેરે શાસ્ત્રીય નૃત્યના પ્રચલિત મુખ્ય પ્રકારો છે.

- ભરતનાટ્યમ્:
  → તેનું ઉદ્દભવ સ્થાન તમિલનાડુનો તાંજોર જિલ્લો ગણાય છે.
  → ભરતનાટ્યમના આધાર-સ્રોત ભરતમુનિએ રચેલ 'નાટ્યશાસ્ત્ર' અને નંદીકેશ્વર રચિત 'અભિનયદર્પણ' નામના ગ્રંથો છે.
  → ભરતનાટ્યમના ખ્યાતનામ કલાકારોમાં મૃણાલિની સારાભાઈ, ગોપીકૃષ્ણ, વૈજ્યંતીમાલા, હેમામાલિની વગેરે મુખ્ય છે.


ભરતનાટ્યમ્ નૃત્યકલા

- કુચીપુડી:
  → તેની રચના 15મી સદી દરમિયાન થઈ છે.
  → આ નૃત્ય આંધ્રપ્રદેશમાં વિશેષ પ્રચલિત છે.
  → તે મુખ્યત્વે સ્ત્રી-સૌંદર્યના વર્ણન પર આ આધારિત નૃત્ય સ્ત્રીઓ અને પુરુષો બંને કરે છે.
  → કુચીપુડી નૃત્યમાં ભારતીય નૃત્યની પાયાની મુદ્રાઓ સાંકળી લેવામાં આવી છે.


કુચીપુડી

  → ગુરુ પ્રહલાદ શર્મા, રાજા રેડ્ડી, યામિની રેડ્ડી, શોભા નાયડુ વગેરે જાણીતા નર્તકોએ આ શૈલીના પ્રાચીન વારસાને વિખ્યાત બનાવ્યો છે.

- કથકલી:
  → તે કેરલ રાજ્યનું પ્રચલિત નૃત્ય છે.
  → આ નૃત્યની વેશભૂષા ઘેરદાર સુંદર કપડાંવાળી હોય છે અને મોટા કલાત્મક મુકુટ ધારણ કરે છે.
  → આ નૃત્યનાં પાત્રોને ઓળખવા માટે તેમના ચહેરા પરના વિશિષ્ટ ચિતરામણને સમજવું પડે છે.


કથકલી

  → કેરલના કવિ વલ્લભથોળ, કલામંડલમ, કૃષ્ણપ્રસાદ, શિવારમન વગેરે નર્તકોએ કથકલી નૃત્યને દેશ-વિદેશમાં પ્રતિષ્ઠા અપાવી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **કથક:**

→ 'કંથન કરે સો કથક કહાવે' આ વાક્ય પરથી કથક નૃત્ય ઉતરી આવ્યું છે.

→ કથક નૃત્ય શ્રીકૃષ્ણ અને ગોપીઓ સાથેના નૃત્યોની કથાઓ પર આધારિત છે. વૈષ્ણવ સંપ્રદાયની શૃંગારી ભક્તિ સાથે તેનો ઉત્તર ભારતમાં વિકાસ થયો છે.

→ તેમાં એક પગ પર ગોળ ગોળ ફરવાની સાથે નૃત્યના પ્રસંગો પ્રદર્શિત કરવામાં આવે છે.



કથક

→ આ નૃત્યમાં સ્ત્રીઓ ચુડીદાર પાયજામો અને ઉપર ઘેરવાળું વસ્ત્ર પહેરે છે.

→ પંડિત બિરજુ મહારાજ, સિતારા દેવી, કુમુદિની લાખિયા વગેરે આ નૃત્યકલાને જીવંત રાખી છે.

- **મણિપુરી:**

→ આ નૃત્યનું મુખ્ય કેન્દ્ર મણિપુરી રાજ્ય છે. મણીપુરની પ્રજા દરેક ઉત્સવ પ્રસંગે આ નૃત્ય કરે છે.

→ આ નૃત્યના લાસ્ય અને તાંડવ એમ બે પ્રકાર છે.

→મણિપુરી નૃત્ય મુખ્યત્વે શ્રીકૃષ્ણની બાળલીલા અને રાસલીલા પર આધારિત છે.

→ આ નૃત્યમાં નર્તક 'કુમીન' તરીકે ઓળખાતો ઘેરા લીલા રંગનો ચણિયો અને રેશમનો કબજો(બ્લાઉઝ) પહેરીને કમરે પટ્ટો બાંધવામાં આવે છે.



મણિપુરી નૃત્યકલા

### (2) ગુજરાતના ગરબા અને ગરબી વિશેની સમજ આપો.

- ગરબો શબ્દ 'ગર્ભ-દીપ' પરથી બન્યો છે.
- ઘડાને કોરાવીને તેમાં દીવો મૂકવો અને તેની ચારે બાજુ નૃત્ય કરવું અથવા ઘડાને માથા પર મૂકી ગોળાકાર નૃત્ય કરવું તેને 'ગરબો' કહે છે.
- સમગ્ર ગુજરાતમાં નવરાત્રી - આસો સુદ 1થી આસો સુદ 9 (ક્યાંક સુદ 10 કે શરદપૂનમ) દરમિયાન ગરબા રમાય છે.
- આદ્યાશક્તિ મા જગદંબાની પૂજા અને આરાધનાના આ પવિત્ર પર્વે ગરવી ગુજરાતણો માતાજીના ગરબા ગાય છે.
- સામાન્ય રીતે ગરબામાં ગરબા ગવડાવનાર અને ઝીલનારાં સૌ ઢોલના તાલે ગીત, સ્વર અને તાલ મેળવી એક તાળી કે ત્રણ તાળી અને ચપટી સાથે હાથના હિલોળ સાથે ગરબા ગાય છે.
- ગુજરાતમાં ગવાતી ગરબીનો સંબંધ મહદંશે શ્રીકૃષ્ણની ભક્તિ સાથે છે. ગુજરાતના ભક્તકવિ દયારામે ગોપીભાને શ્રીકૃષ્ણના પ્રેમની રંગભરી ગરબીઓ રચી છે. એ ગરબીઓએ ગુજરાતની સ્ત્રીઓના કંઠને ગુંજતો કરી દીધો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**(3) ભારતના અને ગુજરાતના હીરા-મોતીકામ અને મીનાકારીગરી વિશે જણાવો.**

- ભારત અને ગુજરાતનું હીરામોતી કામ:
- ભારત પાસે વિશાળ દરિયાકિનારો હોવાથી હીરામોતી અસંખ્ય પ્રમાણમાં મળી આવે છે. તેથી દરિયાઈ માર્ગે વિદેશમાં હીરામોતીનો બહોળો વેપાર થતો આવ્યો છે.
- ભારતના કારીગરોએ બનાવેલા હીરાજડિત આભૂષણોની વિદેશોમાં પ્રાચીન સમયથી ખૂબ માંગ રહી છે.
- વિશ્વવિખ્યાત કોહીનૂર અને ગ્રેટ મુઘલ હીરા પણ ભારતમાંથી મળી આવ્યા હતા.
- ભારતના લોકો હીરાજડિત સોનાના અલંકારોના શોખીન છે.
- પ્રાચીન સમયમાં રાજા-મહારાજાઓ, અમીર-ઉમરાવો, શ્રીમંતો, મહાજનો વગેરે હીરા, માણેક, મોતી પન્ના, પોખરાજ, નીલમ વગેરે રત્નોનો ઉપયોગ વસ્ત્રાભૂષણોની શોભા વધારવા કરતાં.
- રાજા-મહારાજાઓ અને બાદશાહોનાં સિંહાસનો, મુગટો, બાજુબંધ બનાવવામાં આ રત્નોનો ઉપયોગ થતો.
- ગુજરાતમાં મોતીકામનો સવિશેષ ઉપયોગ થતો જોવા મળે છે.
- મોતીના કલાત્મક તોરણો, માળાઓ, કળશ, ઘૂઘરા, પછીત, બારી, ચાકળા, લગ્નનાં નાળિયેર, ઈંઢોણી, પંખા; બળદ માટેના મોડિયાં, શીંગડાં, ઝૂલ વગેરે ગૂંથવાની અદભૂત કલા-કારીગરી રહેલી છે.
- ભારતનું મીનાકારીગરી કામ:
- દુનિયાભરના દેશોમાં આપણો ભારત દેશ સોના, ચાંદી તથા મીનાકારીની કલા-કારીગરીમાં અગ્રિમ સ્થાને છે.
- આપણે ત્યાં સોના-ચાંદીના અલંકાર (માળા, હાર, વીંટી, કંગન, એરિંગ, ચાવીનો ઝૂમખો વગેરે)માં લાલ, લીલો અને વાદળી રંગો પૂરીને આવાં અલંકારોની શોભા વધારવામાં આવે છે.
- આવી મીના કારીગરીનું કૌશલ્ય ધરાવતા કારીગરો જયપુર, લખનૌ, દિલ્લી, વારાણસી અને હૈદરાબાદમાં સવિશેષ જોવા મળે છે.

**(4) ગુજરાતનાં આદિવાસી નૃત્યો વિશેની માહિતી આપો.**

- ગુજરાતના આદિવાસીઓ હોળી અને બીજા તહેવારોમાં, લગ્નોમાં, દેવી-દેવતાઓને ખુશ કરવા માટે તેમજ મેળાઓમાં નૃત્યો કરે છે.
- તેમનાં મોટા ભાગનાં નૃત્યો વર્તુળાકારે ફરતાં ફરતાં, ઢોલ અને રૂઢિ મુજબનાં મંજીરાં, થાપી, તૂર, પાવરી, તંબૂરા વગેરે વાજિંત્રો સાથે સ્થાનિક બોલીમાં ગાવાની સાથે જોવા મળે છે.
- આવાં નૃત્યોમાં 'ચાળો' નૃત્ય જાણીતું છે. તેમાં તેઓ મોર, ખિસકોલી અને ચકલી જેવાં પક્ષીઓની નકલ કરે છે.
- ડાંગનાં પણ આવો 'માળીનો ચાળો' તથા 'ઠાકર્યા ચાળો' નૃત્ય જોવા મળે છે.
- ભીલા અને કોળી જાતિઓમાં શ્રમહારી ટીપ્પણી નૃત્યમાં જાડી લાકડી નીચે લાકડાના ટુકડા જડીને જમીન પર અથડાવી તાલ દ્વારા સમૂહ નૃત્ય કરવામાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો:

**(1) 'સંગીત રત્નાકર' અને 'સંગીત પારિજાત' ગ્રંથોની રચના કરનાર પંડિતોનાં નામ જણાવો. .**

- પંડિત સારંગદેવ 'સંગીત રત્નાકર' ગ્રંથના અને પંડિત અહોબલ 'સંગીત પારિજાત' ગ્રંથના રચયિતા છે.

**(2) 'કાંતણ'કળામાં કઈ પ્રક્રિયા કરવામાં આવે છે?**

- 'કાંતણ' કળામાં રૂની પૂણીમાંથી તાંતણા ખેંચવા સાથે તેમને વળ ચડાવી એકબીજાની પકડમાં જોડી લાંબો દોરો તૈયાર કરવામાં આવે છે.

**(3) લોથલના કારીગરો ધાતુઓમાંથી શું શું બનાવતા હોવાનું જણાયું છે?**

- લોથલના કારીગરો દાતરડાં, શારડીઓ, વળાંકવાળી કરવત, આરા અને સોય જેવાં તાંબા અને કાંસાનાં ઓજારો બનાવતા હોવાનું જણાયું છે.
- તેઓ ધાતુમાંથી વાસણો, મૂર્તિઓ અને પાત્રો બનાવતા.
- યુદ્ધો માટેનાં અસ્ત્રો અને શસ્ત્રો પણ ધાતુમાંથી બનાવવામાં આવતાં.

**(4) હડપ્પાના લોકો માટીનાં વાસણો ઉપર કઈ કઈ ભાત પાડતા હતા?**

- હડપ્પાના લોકો માટીમાંથી રમકડાં, ઘડો, કોડિયું, કુલડી, માટલી, ચૂલો, ઈંટો વગેરે; અનાજનો સંગ્રહ કરવાની નાની-મોટી કોઠીઓ; ઘી, તેલ, દૂધ, દહીં, છાસ વગેરેનાં પાત્રો તેમજ રસોઈનાં વાસણો બનાવતા હતા.

**(5) ભવાઈ વિશે ટૂંકી માહિતી આપો.**

- શાસ્ત્રકારોએ ભાવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહ્યા છે.
- ભવાઈ એ ગુજરાતની આશરે 700 વર્ષ જૂની વિશિષ્ટ પ્રકારની નાટ્યકલા છે.
- ભવાઈની શરૂઆત અસાઈત ઠાકરે કરી હતી.
- સસ્તા ખર્ચે લોકશિક્ષણ સાથે મનોરંજન કરતી આ નાટ્યકલાને સોલંકી યુગમાં પ્રોત્સાહન અપાયું.
- મોટે ભાગે પડદા વગર ભજવાતાં નાટકો, હળવી શૈલીની રમૂજો, ભૂંગળ વાદ્ય સાથેનાં સંગીતપ્રધાન નાટકો અને વેશ એ ભવાઈની વિશેષતા રહી છે.
- ભવાઈના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો પણ સમાવેશ થાય છે.
- ગુજરાતમાં કન્યાકેળવણી, બેટી બચાવો જેવા કાર્યક્રમો માટે રંગીલા-રંગીલા જેવાં પાત્રો સાથે ભવાઈ નાટ્યપ્રયોગો યોજાય છે.
- ભવાઈ ભજવનાર ભવાયાઓ ભૂંગળ વગાડી માતાજીની સ્તુતિ કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્ન 4: દરેક પ્રશ્નની નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:

(1) નીચેના પૈકી કઈ કૃતિ કાલિદાસની છે?

(A) ઊરુભંગ

(B) કર્ણભાર

(C) મેઘદૂતમ્

(D) દૂતવાક્યમ્

(2) વૈજ્યંતીમાલા અને હેમામાલિની કઈ નૃત્યશૈલી સાથે જોડાયેલાં છે?

(A) મણિપુરી નૃત્યશૈલી

(B) કુચીપુડી નૃત્યશૈલી

(C) કથકલી નૃત્યશૈલી

(D) ભરતનાટ્યમ્ નૃત્યશૈલી

(3) ભારતનો કયો વેદ સંગીતકલાને લગતો ગણાય છે?

(A) ઋગ્વેદ

(B) સામવેદ

(C) યજુર્વેદ

(D) અથર્વવેદ

(4) ભારતમાં સંગીતક્ષેત્રે 'તુતી-એ-હિન્દ' તરીકે કોણ જાણીતું હતું?

(A) તાનસેન

(B) તુલસીદાસ

(C) કબીર

(D) અમીર ખુશરો

(5) 'ચાળો' નૃત્ય એટલે કયું નૃત્ય?

(A) આદિવાસીઓનું નૃત્ય

(B) ભરવાડોનું નૃત્ય

(C) કોળીઓનું નૃત્ય

(D) પઢારોનું નૃત્ય

(6) ધમાલ નૃત્ય કરતા સીદીઓ મૂળ ક્યાંના વતની હતા?

(A) રાજસ્થાન

(B) આંદામાન

(C) આફ્રિકા

(D) થાઇલેંડ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(7) 'વિશ્વ યોગ દિવસ' કઈ તારીખે ઉજવવામાં આવે છે?

(A) 21 જૂન

(B) 1 મે

(C) 21 એપ્રિલ

(D) 5 સપ્ટેમ્બર

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in